શ્રીહરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ

[ટ્રસ્ટ રજિ. નં. ઈ/૨૯૭૦ (મહેસાણા) તા.૩૧-૧-૮૭]

[ઈન્કમટેક્ષ મુક્તિ નં. **CIT/GNR/80G(5)R.502-2000-2001 : Valid up to 31-3-2005**]

Visit us at
www.vaishnavparivar.org

ચિત્રો
શ્રી વિમળાબેન ભાટીયા અને
શ્રી શ્યામસુંદર પુરોહિત

આટલું જાણી લો

૧. દરેક મહિનાની ૧૫મી તારીખથી ૨૦મી તારીખ સુધીમાં અંક પોસ્ટ થશે.

૨. લવાજમ ડિસેમ્બરથી ફેબ્રુઆરી સુધી જ સ્વીકારાય છે. ત્યારબાદ કોઈ સંજોગોમાં સ્વીકારાતું નથી.

૩. તમારો પાવતી નંબર એ જ ગ્રાહક નંબર છે. તે ખાસ નોંધી રાખો. પત્રવ્યવહારમાં તેનો ખાસ ઉલ્લેખ કરવો.

૪. પત્રવ્યવહાર કરો ત્યારે પૂરું નામ-સરનામું અને ગ્રાહક નંબર ખાસ લખવાં.

૫. અંક ન મળ્યાની ફરિયાદ જે-તે મહિનાની છેલ્લી તારીખે જ કરવી. ફોરેનના ગ્રાહકોએ બીજા મહિનાની પંદરમી તારીખ સુધી રાહ જોવી.

૬. બધો જ પત્રવ્યવહાર મહેસાણા કાર્યાલય સાથે કરવો.

૭. આજીવન લવાજમ સ્વીકારાતું નથી.

મહેસાણા કાર્યાલય

હરસાનીજી હાઉસ
૪૧-૪૪, ઊર્મિ શોપીંગ સેન્ટર,
બી. કે. સિનેમાની સામે,મહેસાણા.
ફોન : (૦૨૭૬૨) ૨૪૨૩૫૩
ફેક્સ : ૯૧-૨૭૬૨-૨૪૭૬૫૫
Email : shpct@hotmail.com

મુંબઈ કાર્યાલય

શ્રી વિજયભાઈ એમ. દેસાઈ
કેમિ ઈક્વિપ, દેવકરણ મેન્શન,
૧લા માળે, ૭૯,પ્રિન્સેસ સ્ટ્રીટ,મુંબઈ-૨
ફોન : (ઓ.) ૨૨૦૬૦૮૫૮,૨૨૦૧૦૦૮૪
(રહે.) ૨૩૬૯૩૮૨૧
ફેક્સ : ૯૧-૨૨-૨૨૦૬૦૮૫૮

અંધેરી કાર્યાલય

શ્રી વિનયભાઈ મહેતા
ડીલાઈટ એન્ટરપ્રાઈઝ, ૧, સાવિત્રી સદન,
રાધિકા નિવાસ પાછળ, સર એમ. વી. રોડ,
અંધેરી (ઈસ્ટ), મુંબઈ.
[ફોન : ૨૬૮૩૭૦૪૭, ૨૬૮૩૦૪૮૩]

અમેરિકા સંપર્ક કેન્દ્ર

Shri Navnitbhai C. Shah
3, Christy Lane, OCEAN,
NJ - 07712-2604 U.S.A.
[**Tel.**-732-493-9096]

●

Shri Rajendra K. Patel
1707, Edington, Portage,
MI - 49024 (U.S.A.)
Phone : 269-323-1880

॥ શ્રી હરિઃ ॥

બાલપુષ્ટિ

[વર્ષ ૨૦૦૪-૨૦૦૫નું ભેટપુસ્તક]

વર્ષ - ૧૦ અંક-૫

ઓગષ્ટ- ૨૦૦૪ ● સળંગ અંક - ૧૧૩

પંચમ નિધિસ્વરૂપ

રાસરસિક શ્રીગોકુલચંદ્રમાજી

સંકલન - તંત્રી
વસંતબહેન ર. પરીખ

પ્રકાશક
શ્રી હરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ, મહેસાણા

બાલમિત્રોને

વ્હાલાં બાલમિત્રો,

સપ્રેમ જયશ્રીકૃષ્ણ અને શુભાશીર્વાદ.

મિત્રો, આપણા સૌના માનીતા અને ચહીતા 'બાલપુષ્ટિ' એ આ વર્ષે દસમા વર્ષમાં પ્રવેશ કર્યો છે. તેની દર વર્ષે એક સુંદર, રંગબેરંગી ચિત્રોવાળું ભેટપુસ્તક આપવાની પરંપરામાં આ વર્ષે આ ભેટપુસ્તક તમારા હાથમાં મૂકતાં ઘણો આનંદ અનુભવી રહી છું.

'બાલપુષ્ટિ'ના ઓગસ્ટ માસના અંક તરીકે પ્રકાશિત થયેલ આ ભેટપુસ્તક-વિશેષાંક તમને પંચમ નિધિસ્વરૂપ રાસરસિક શ્રીગોકુલચંદ્રમાજીનો પરિચય કરાવશે. શ્રીગોકુલચંદ્રમાજીનું પ્રાકટ્ય અને નારાયણદાસ બ્રહ્મચારીએ કરેલી તેમની સેવા, નારાયણદાસનો પ્રેમ અને ત્યાગવૃત્તિ, તેમનો ભક્તિભાવ અને દૈન્ય તથા શ્રીઠાકોરજીની તેમના ઉપરની કૃપાની વાતો કહેશે.

શ્રીગોકુલચંદ્રમાજીનું આ સ્વરૂપ શ્યામ વર્ણનું ઠાડું સ્વરૂપ છે. બે શ્રીહસ્તથી વેણુ વગાડે છે. રાસલીલાનું સ્વરૂપ હોવાથી તેઓ સદા રાસ માટે તત્પર હોય છે; તેથી તેમની સેવા પ્રણાલિકામાં શયનનાં દર્શનમાં શયન આરતીનો છેલ્લો આંટો ફરતો હોય ત્યાં જ ટેરો લેવાય છે અને તરત જ શ્રીઠાકોરજી પોઢી જાય છે; કારણકે રાસમંડળમાં પધારવામાં શ્રીઠાકોરજી વિલંબ સહન કરી શકતા નથી

શ્રીગોકુલચંદ્રમાજીની સેવા નારાયણદાસ બ્રહ્મચારીએ કરી છે. તેઓ આજીવન કુંવારા હતા. લગ્ન કર્યા ન હતા તેથી નારાયણદાસ પ્રત્યેનો પોતાનો પ્રેમ પ્રદર્શિત કરવા માટે શ્રીગોકુલચંદ્રમાજી સહેરાનો શૃંગાર કદાપિ ધારણ કરતા નથી; કારણ કે સહેરાનો શૃંગાર લગ્નનો શૃંગાર છે.

આ સ્વરૂપ હાલ કામવનમાં બિરાજે છે. પંચમ પીઠાધીશ્વર પૂ.ગો. ૧૦૮ શ્રી વલ્લભલાલજી મહારાજશ્રી તેમની સેવા કરી રહ્યા છે. વ્રજમાં જાઓ ત્યારે કામવન તેમનાં દર્શન કરવા જરૂર જજો.

આ પુસ્તક તમને શ્રીગોકુલચંદ્રમાજી શ્રીગુસાંઈજીને ઘેર પધાર્યા પછી, તેમના પંચમપુત્ર શ્રીરઘુનાથજીને માથે બિરાજ્યા, તેમનો પરિચય પણ કરાવશે. કામવન વિશે પણ કહેશે. ઉપરાંત પુસ્તકમાં કેટલાક પ્રસંગોનાં સુંદર બહુરંગી ચિત્રો પણ આપ્યાં છે. એ ચિત્રો જોઈને એ પ્રસંગોને સમજવાનો અને યાદ રાખવાનો પ્રયત્ન કરજો. સુંદર ચિત્રો તૈયાર કરી આપવા બદલ શ્રી વિમળાબેન ભાટિયા અને શ્રી શ્યામસુંદરજી પુરોહિતનો આભાર માનજો.

તમે સૌ આ પુસ્તક વાંચીને તે તમને ગમ્યું કે નહિ તે મને જરૂર જણાવશો વળી 'બાલપુષ્ટિ'માં પણ તમને શું ગમે છે અને શું નથી ગમતું તે પણ જણાવશો.

તમારા સૌની કુશળતા ઈચ્છું છું.

- વસંતબેન પરીખ

■

અનુક્રમણિકા

૧. શ્રીગોકુલચંદ્રમાજીનું પ્રાકટ્ય ૫
૨. નારાયણદાસ બ્રહ્મચારી અને તેમનો ત્યાગ ૧૦
૩. દેખ સખિ, ગોકુલચંદ બિરાજે ૧૬
૪. પ્રેમ અને સાવધાનીભરી સેવા ૧૭
૫. લાલકો મીઠી ખીર જો ભાવે ૨૧
૬. પ્રભુના સુખનો વિચાર ૨૫
૭. આ ઘટા હવે ક્યાં વરસશે? ૨૭
૮. ભક્તના ઋણમાંથી ક્યારે મુક્ત થઈશ? ૨૮
૯. શ્રીગોકુલચંદ્રમાજીની ઈચ્છા ૩૦
૧૦. સ્વરૂપભાવના અને લીલાભાવના ૩૩
૧૧. શ્રીગુસાંઈજીના પંચમ લાલજી શ્રીરઘુનાથજી ૩૫
૧૨. શ્રીગોકુલચંદ્રમાજી જયપુર પધાર્યા. ૩૯
૧૩. કામવન ૪૨
શ્રીમદ્ ગોકુલચંદ્રાષ્ટકમ્ ૪૫

॥ શ્રી હરિઃ ॥
॥ શ્રીગોકુલેન્દુર્જયતિ ॥

પંચમ નિધિસ્વરૂપ

રાસરસિક શ્રીગોકુલચંદ્રમાજી

૧. શ્રીગોકુલચંદ્રમાજીનું પ્રાકટ્ય

વ્રજમાં ગોકુળની પાસે મહાવન નામનું એક નાનકડું ગામ. ત્યાં એક ક્ષત્રિય કુટુંબ રહે. તેમને એકની એક દીકરી હતી. તેનું નામ ભદ્રા. દીકરીને ખૂબ લાડકોડથી ઉછેરીને મોટી કરેલી. તે ૧૧ વર્ષની થઈ. માતાપિતાએ તેનાં લગ્ન કરવાનો વિચાર કર્યો. દીકરીએ કહ્યું : 'મા, મહેરબાની કરીને મારું લગ્ન કરશો નહિ. જે દિવસે તમે મારું લગ્ન કરશો, તે જ દિવસે મારો પતિ મૃત્યુ પામશે અને તમે બંને પણ મૃત્યુ પામશો.'

નાની દીકરીને વારંવાર આમ બોલતી સાંભળી માતાપિતાને ઘણું આશ્ચર્ય થયું. બંને જણે ડરના માર્યા તેના લગ્નની વાત કરવાનું બંધ કર્યું. આ વાતને બે વર્ષ પસાર થયાં. નાતજાતમાં લોકો તેમની નિંદા કરવા લાગ્યા. નિંદાથી કંટાળી માતપિતાએ એક મૂરતિયો શોધી તેની સાથે

ભદ્રાનું સગપણ કર્યું. લગ્ન લેવાયાં. વરરાજા પરણવા માંડવે આવ્યા. લગ્નની વિધિ શરૂ થઈ. લગ્નના ફેરા ફરતાં જ મૂરતિયો ઢળી પડ્યો અને હરિશરણ થયો. ભદ્રાનાં માતાપિતાને તે જ ક્ષણે દીકરીના વૈધવ્યનો એટલો મોટો આઘાત લાગ્યો કે તેઓ પણ ત્યાં જ ઢળી પડ્યાં. ગામમાં હાહાકાર થઈ ગયો. હવે ભદ્રા ઘરમાં એકલી રહી.

કોઈ સગાંસંબંધી તેની પાસે આવતાં નથી. કોઈ તેને બોલાવતાં નથી. સૌને બીક પેઠી છે કે જરૂર આ કોઈ ચમત્કારી બાઈ છે. તેનું બોલેલું સાચું પડ્યું છે. તેની પાસે જવા જેવું નથી. ભદ્રા મનમાં ને મનમાં ખુશ થાય છે. 'ચાલો, લૌકિક સગાં-સંબંધીની જંજાળ ગઈ. ભલું થયું ભાંગી જંજાળ, સુખે ભજશું શ્રીગોપાળ.'

મહાવનમાં નારાયણદાસ બ્રહ્મચારી નામના એક સારસ્વત બ્રાહ્મણ રહેતા હતા. તેઓ શ્રીમહાપ્રભુજીના સેવક હતા. એકવાર શ્રીમહાપ્રભુજી તેમને ઘેર પધાર્યા. ભદ્રાએ શ્રીમહાપ્રભુજીનાં દર્શન કર્યાં. તેને શ્રીમહાપ્રભુજીનાં અલૌકિક પૂર્ણ પુરુષોત્તમ સ્વરૂપે દર્શન થયાં. તેણે વિચાર્યું: 'મને સાક્ષાત્ પ્રભુની પ્રાપ્તિ થઈ છે. હું તેમને શરણે જાઉં.'

તેણે શ્રીમહાપ્રભુજીને વિનંતી કરી : 'મહારાજ, મારા લૌકિક પ્રતિબંધો બધા છૂટી ગયા છે. મને આપની સેવક કરો.'

શ્રીમહાપ્રભુજીએ તેને નામ-નિવેદન મંત્ર આપી સેવક કરી.

'કૃપાનાથ, હવે મારું કર્તવ્ય શું? આપ આજ્ઞા આપો તેમ કરું.'

'ભદ્રા, દરેક જીવ પ્રભુનો અંશ છે. તેથી પ્રભુનો દાસ છે. દાસનું એકમાત્ર કર્તવ્ય પોતાના સ્વામીની સેવા કરવાનું છે. તેથી દરેક વૈષ્ણવે પોતાના અલૌકિક સ્વામી શ્રીકૃષ્ણની સેવા કરવી જોઈએ. તું પણ એ રીતે શ્રીઠાકોરજી પધરાવી તેમની સેવા કર.'

'કૃપાનાથ, મારો મનોરથ તો આપની સેવા કરવાનો છે. સદાયે આપનાં ચરણારવિંદનો આશ્રય કરીને રહું અને આપનાં દર્શન અને સેવા કરું એવી ઇચ્છા છે.'

શ્રીમહાપ્રભુજીએ કુમકુમ મગાવી, પોતાના બંને ચરણકમળ પર તે કુમકુમ લગાવી, એક વસ્ત્ર પર તેની છાપ અંકિત કરી, તે વસ્ત્ર તે ક્ષત્રાણીને પધરાવી આપ્યું. આપે આજ્ઞા કરી :

'ભદ્રા, હું તારા ઉપર પ્રસન્ન છું. તારો ગુરુભાવ ઉત્તમ અને સુદૃઢ છે. તું મારા આ ચરણારવિંદની સેવા કરજે. તારા સર્વ મનોરથ પૂર્ણ થશે.'

ભદ્રા ખૂબ પ્રસન્ન થઈ. શ્રીમહાપ્રભુજીનાં ચરણચિહ્ન પધરાવી તે ઘેર આવી. પોતાને ત્યાં સાક્ષાત્ શ્રીમહાપ્રભુજી બિરાજે છે એવો દૃઢ ભાવ રાખી સેવા કરવા લાગી. દિવસે દિવસે તેનો ભાવ વધતો ગયો. શ્રીમહાપ્રભુજી સદૈવ તેના પર પ્રસન્ન રહેતા અને નિત્ય દર્શન આપતા.

ભદ્રા દરરોજ મહાવનમાં બ્રહ્માંડઘાટ ઉપર યમુનાજળ ભરવા જતી. ત્યાં સ્નાન કરી, ગાગર ભરી લાવતી. એક દિવસ વહેલી સવારે તે બ્રહ્માંડઘાટ ગઈ. અપરસમાં સ્નાન કરી, ગાગર ભરવા માટે તેણે શ્રીયમુનાજળમાં પ્રવેશ કર્યો. ત્યાં કિનારા નજીકના છીછરા જળમાં તેને અનાયાસ ચાર સુંદર ભગવદ્ સ્વરૂપોનાં દર્શન થયાં.

તેણે વિનંતી કરી : 'મહારાજ, તમે અહીં જળમાં કેમ બિરાજ્યા છો?'

'ભદ્રા, અમે તારી રાહ જોઈને જ અહીં બિરાજ્યા છીએ. તું અમને તારે ઘેર પધરાવી જા. થોડા દિવસોમાં શ્રીમહાપ્રભુજી અહીં પધારશે, ત્યારે તું અમને તેમની પાસે પધરાવી દેજે.'

ભદ્રા કહે છે : 'મહારાજ, આપ આજ્ઞા કરો એટલા માત્રથી કાંઈ હું આપને મારે ઘેર પધરાવી જાઉં નહિ. આપ થોડીવાર અહીં બિરાજો. હું



ઉપર : ભદ્રાને યમુનાજીમાં દર્શન આપતાં ચાર ભગવદ્ સ્વરૂપો.
નીચે : ભદ્રા ચારેય ભગવદ્ સ્વરૂપોને પધરાવી શ્રીમહાપ્રભુજી પાસે આવ્યાં છે.

ઘેર જઈ શ્રીમહાપ્રભુજીને પૂછી આવું. જો આપશ્રી આજ્ઞા આપશે તો આપને હું પધરાવી જઈશ.'

ચારેય ભગવદ્સ્વરૂપો ભદ્રાની વાત સાંભળી મુસ્કુરાયાં.

ભદ્રા ગાગર ભરી ઘેર આવી. મંદિર પાસે જઈ, દંડવત્ કરી, શ્રીમહાપ્રભુજીને વિનંતી કરી : 'કૃપાનાથ, શ્રીયમુનાજીના કિનારે બ્રહ્માંડઘાટ ઉપર ચાર ભગવદ્સ્વરૂપ બિરાજે છે. મને આજ્ઞા કરી છે : અમને તારે ઘેર પધરાવી જા. આપ આજ્ઞા કરો તેમ કરું. મને તો આપના સિવાય બીજા કોઈની સેવા કરવાનું મન નથી. મારે માટે તો આપ જ સર્વસ્વ છો.'

'ભદ્રા, જલ્દી જા અને તે બધા ભગવદ્સ્વરૂપોને પધરાવી લાવ. તેમને વસ્ત્ર ધારણ કરાવી, અહીં મંદિરમાં પધરાવી ભોગ ધર.'

ભદ્રાએ શ્રીમહાપ્રભુજીની આજ્ઞા પ્રમાણે કર્યું.

થોડા દિવસો પછી શ્રીમહાપ્રભુજી વ્રજમાં પધાર્યા. આપ મહાવન પધાર્યા ત્યારે ભદ્રાએ વિનંતી કરી : 'કૃપાનાથ, આપની આજ્ઞાથી જ આજ સુધી આ ચાર ભગવદ્ સ્વરૂપો મેં સાચવ્યાં છે. હવે એ આપનાં છે તે આપને સોંપું છું.'

ચારેય સુંદર ભગવદ્ સ્વરૂપોનાં દર્શન કરી શ્રીમહાપ્રભુજી ખૂબ પ્રસન્ન થયા. આપની સાથે તે સમયે ઘણા વૈષ્ણવો હતા. એમાંથી ચાર વૈષ્ણવોને તે ચાર સ્વરૂપો, આપે સેવ્ય કરી પધરાવી આપ્યાં.

પહેલું સ્વરૂપ હતું શ્રીનવનીતપ્રિયજીનું. તે આગ્રાના ગજનધાવનને પધરાવી આપ્યું. બીજું સ્વરૂપ શ્રીલાડિલેશજીનું હતું. જે આગ્રાના બીજા એક વૈષ્ણવ જિયદાસ સૂરિને તેમની વિનંતીથી પધરાવી આપ્યું. ત્રીજું સ્વરૂપ હતું શ્રીલલિતત્રિભંગીજીનું. તે કડા ગામના દેવા કપૂરને પધરાવી આપ્યું. અને ચોથું સ્વરૂપ હતું શ્રીગોકુલચંદ્રમાજીનું; જે મહાવનના જ

નારાયણદાસજીને પધરાવી આપ્યું. આમ શ્રીગોકુલચંદ્રમાજીનું પ્રાગટ્ય શ્રીયમુનાજીમાંથી થયું અને મહાવનનાં ક્ષત્રાણી દ્વારા તે સ્વરૂપ શ્રીમહાપ્રભુજીની પાસે પધાર્યું. આપે નારાયણદાસ બ્રહ્મચારીને માથે પધરાવી આપ્યું.

આપશ્રીએ આજ્ઞા કરી : 'વૈષ્ણવો, આ સ્વરૂપો અમારું સર્વસ્વ છે. તે મેં તમારા માથે પધરાવી આપ્યાં છે. તમે ખૂબ પ્રેમથી, સારી રીતે તેમની સેવા કરજો. જ્યારે પણ તમારાથી સેવા ન બને ત્યારે અમારે ત્યાં પાછા પધરાવજો.'

આપે કૃપા કરી ચારેય વૈષ્ણવોને પ્રભુની સેવાની રીત શીખવી.

◆

૨. નારાયણદાસ બ્રહ્મચારી અને તેમનો ત્યાગ

શ્રીવલ્લભના કૃપાપાત્ર ત્યાગી ભગવદીય હતા નારાયણદાસ. એમણે પરમ પ્રીતિથી શ્રીગોકુલચંદ્રમાજીની સેવા કરી અને તેમને રીઝવ્યા.

આ નારાયણદાસ વ્રજમાં મહાવનમાં નિવાસ કરીને રહેતા હતા. બાલ્યાવસ્થામાં જ તેમનાં માતા-પિતા હરિશરણ થયાં હતાં. મોટાભાઈએ તેમને ઉછેરીને મોટા કર્યા હતા. નારાયણદાસ જન્મથી જ ત્યાગી હતા. આ ત્યાગને કારણે મોટાભાઈ એવા પ્રભાવિત થયેલા કે તેમની પૂરી કાળજી રાખે. ગૃહસ્થની રીતે રહેવા સમજાવે. પણ આ વૈરાગી સ્વભાવના નારાયણદાસ તો સવારથી સાંજ સુધી શ્રીયમુનાજીના કાંઠે જઈને પડ્યા રહે. ખાવા પીવાની કે કપડાં પહેરવાની યે દરકાર ન કરે. મોટાભાઈ હાથ પકડીને લાવે ત્યારે આવીને થોડું ખાઈ લે. પાછા યમુનાતટે ચાલ્યા જાય.

શ્રીયમુનાજીના સ્વરૂપનું ધ્યાન કર્યા કરે. આમ કરતાં તેઓ ૪૦ વર્ષના થયા.

એક દિવસ શ્રીમહાપ્રભુજી મહાવન પધાર્યા. નારાયણદાસે આપશ્રીનાં દર્શન કર્યાં. દર્શન કરતાં જ તેઓ આપશ્રી પ્રત્યે આકર્ષાયા. 'મારે આ મહાપુરુષના શરણે જવું છે. શરણે જવું હોય તો ખાલી હાથે કેમ જવાય? કંઈક ભેટ ધરવી જોઈશે.' એમ વિચારી તેઓ મોટાભાઈ પાસે આવ્યા. આવીને બધી વાત કરી. ભેટ ધરવા માટે દ્રવ્ય માગ્યું.

મોટાભાઈ વિચારે છે : 'જે આટલા વર્ષોમાં પૈસાને કદી અડક્યો નથી, તે આજે સામે ચાલીને ધન માગે છે. જરૂર હવે આ સુધરશે.' રાજી થઈને કહે છે : 'ભાઈ, તારે જેટલું ધન લેવું હોય તેટલું લઈ જા.'

નારાયણદાસ કહે છે : 'ના, તમારે જેટલા પૈસા આપવા હોય તેટલા આપો.' મોટાભાઈએ જે આપ્યું તે લીધું. આવ્યા શ્રીમહાપ્રભુજી પાસે. આપશ્રીએ નામ દઈને બોલાવ્યા : 'નારાયણદાસ, આવ્યા?'

'કૃપાનિધાન, આપની જ રાહ જોઈ રહ્યો હતો. આજે આપનાં દર્શન થતાં હું કૃતાર્થ થયો. હવે મને આપના શરણમાં લો, પ્રભુ!'

આપશ્રીએ નામ-નિવેદન કરાવ્યું. એમણે 'હવે મારું કર્તવ્ય શું?' એમ પૂછતાં શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી : 'હજુ થોડા દિવસ શ્રીયમુનાજીનું સેવન કરો. એથી તમારું કાર્ય સિદ્ધ થશે.'

ઘેર આવ્યા. મોટાભાઈને અને ભત્રીજીને પણ શ્રીવલ્લભને શરણે જવા સમજાવ્યાં. બંને વૈષ્ણવ થયાં. નારાયણદાસના પ્રભાવથી મહાવનના ઘણા જીવો આપના શરણે આવ્યા.

હવે નારાયણદાસ ઘરમાં રહે છે. પ્રભુ-સ્મરણ કરે છે. મોટાભાઈને



નારાયણદાસની પથારીની આસપાસ પડેલી સુવર્ણમુદ્રાઓ - તેમની ભત્રીજી ચતુરા પાસે એ સુવર્ણ મુદ્રાઓને બગાડ કહીને સાફ કરાવતા નારાયણદાસ.

આશા બંધાણી. થોડા લોભ લાગ્યો. એક દિવસ લાગ જોઈને સમજાવવા લાગ્યા : 'ભાઈ નારાયણ, મારી એક વાત માનો. મારે કોઈ પુત્ર નથી. આ એક દીકરી છે, તે પણ બાલવિધવા છે. પિતાનો વંશ રહે તો કેવું સારું! માટે ભાઈ, તમે લગ્ન કરી લો એવી મારી ઈચ્છા છે.'

'અરે મોટાભાઈ, આ તમે શું બોલ્યા? મારું લગ્ન તો નંદનંદન શ્રીકૃષ્ણ સાથે ક્યારનુંયે થઈ ગયું છે! ફરીવાર તે કંઈ લગ્ન થાય? ભાઈ, તમે તો મારા હિતસ્વી છો, છતાં આવી સલાહ આપો છો? અલૌકિક કલ્પવૃક્ષ મળ્યા પછી હું થોરિયાને વળગવા શા માટે જાઉં? આ પરમ સુખ છોડીને વિવિધ પીડા આપનાર કાંટાળા સંસારમાં શા માટે લપેટાઉં?'

મોટાભાઈ સમજી ગયા. આની દૃઢતા આગળ મારી સમજાવટ નકામી છે. નારાયણદાસે લગ્ન ન કર્યું તે ન જ કર્યું. તેથી જ નારાયણદાસ બ્રહ્મચારી તરીકે ઓળખાયા.

ધનની બાબતમાં પણ એમની દૃઢતા અજબ હતી. ધનને કદી સ્પર્શ જ ન કરતા; પણ ભગવાન કોઈની કસોટી કર્યા વગર રહે ખરા? ગામ બહાર શૌચક્રિયા માટે જાય, ત્યાં હાથપગ ધોવા માટી લેવા માંડે ત્યાં સુવર્ણ નજરે પડતું. છિટ્ છિટ્ કરતા એના ઉપર માટી વાળી દે અને ઘેર ચાલ્યા આવે. આવી અપૂર્વ ત્યાગ દશામાં નારાયણદાસ રહેતા.

કોઈ કોઈ વાર તો એવું કૌતુક થતું કે એમની પથારીની આસપાસ સુવર્ણ મુદ્રાઓ આવીને પડતી. છતાં તેઓ જરાયે લલચાતા નહિ. ઊલટું ભત્રીજીને કહેતા : 'બેટી ચતુરા, જોને, અહીં ઠામઠામ બગાડ પડ્યો છે. જરા કાઢી નાખ ને!'

ત્યારે ભત્રીજી તે બધું કાઢી નાખતી અને તે જગ્યા પણ ધોઈ દેતી! કાકાએ બગાડ કહ્યો તો એ જગ્યા પણ અશુદ્ધ થઈને! ભત્રીજીને કાકાના

વચન પર એવો અટલ વિશ્વાસ હતો. વિશ્વાસ કેમ ન હોય? એ કંઈ લૌકિક જીવો થોડા હતા? એ બંને તો લીલાના જીવો હતા. લીલામાં નારાયણદાસ છે શ્રીરાધા સહચરીજીની સખી મધુરેક્ષણા અને ભત્રીજી છે મધુરેક્ષણાજીની સખી ચતુરા. લીલાનો સંબંધ અહીં પણ ચાલુ છે.

પરંતુ નારાયણદાસના મોટાભાઈ સાધારણ જીવ છે. એમની ચિત્તવૃત્તિ લૌકિકમાં ખરી! એકવાર નારાયણદાસની પથારીની આસપાસ સુવર્ણ પડ્યું હતું. મોટાભાઈ અનાયાસ ત્યાં આવી ચડ્યા. એમની દૃષ્ટિમાં ધનલોલુપતા પારખીને નારાયણદાસે કહ્યું : 'મોટાભાઈ, આ ઘણું ધન પડ્યું છે. તમારી ઈચ્છા હોય તો લઈ જાઓ.' કેવળ મોટાભાઈની પરીક્ષા કરવા જ આમ કહ્યું.

પરંતુ ભાઈના ત્યાગના પ્રભાવથી અંજાયેલા મોટાભાઈથી ઈચ્છા હોવા છતાં ધન લેવાની ના પડાઈ ગઈ. 'ના રે ભાઈ, મારે શું કરવું છે? મારી પાસે તો ઘણુંયે છે!' એમ કહીને એ ત્યાંથી જતા રહ્યા.

પણ થોડી જ વારમાં પાછા આવ્યા. જોયું કે ભાઈને ઊંઘ આવી ગઈ છે. જરા ખખડાટ પણ કરી જોયો છતાં જાગ્યા નહિ. એટલે તરત એક ટોપલો લઈ આવ્યા. બધું દ્રવ્ય ધીરે રહીને ટોપલામાં ભર્યું. ઊંચકીને ચાલ્યા. ઘરની બહાર નીકળ્યા ત્યાં સુધી તો એ સુવર્ણ રહ્યું, પરંતુ પછી થઈ ગયો એનો કીચડ! ટોપલામાંથી નીતરવા લાગ્યો. મોટાભાઈનું માથું, શરીર, કપડાં, મોઢું બધું કીચડ-કીચડ થઈ ગયું. પોતાની દીકરીને એમનાથી બૂમ પડાઈ ગઈ : 'ચતુરા, ચતુરા!'

નારાયણદાસ જાગતા જ હતા. દોડતા આવ્યા. ભાઈની શોભા જોઈ. માથેથી ટોપલો ઉતરાવ્યો. પૂછે છે : 'ભાઈ, આ બધું શું? મોટાભાઈ પસ્તાવો કરતાં એમને પગે પડ્યા. કહે છે : 'નારાયણ, તમને ધન્ય છે. હું



શ્રીમહાપ્રભુજી નારાયણદાસને શ્રીગોકુલચંદ્રમાજીનું સ્વરૂપ પધરાવી આપે છે અને સેવાની રીત શીખવે છે.

તો માયાનો જીવ. તમારા સ્વરૂપને મેં જાણ્યું નહિ, એટલે મારી આ દશા થઈ છે. ભાઈ, હવે મારા પર એવી કૃપા કર કે હું આ મોહમાયામાંથી છૂટું.'

તે દિવસથી મોટાભાઈ નારાયણદાસની ઘણી આમન્યા રાખવા લાગ્યા.

■

૩. દેખ સખિ, ગોકુલચંદ બિરાજે

મહાવનમાં ક્ષત્રાણીને શ્રીયમુનાજીમાંથી પ્રાપ્ત થયેલાં ભગવદ્ સ્વરૂપોમાંથી શ્રીગોકુલચંદ્રમાજીનું સ્વરૂપ શ્રીમહાપ્રભુજીએ નારાયણદાસને પધરાવી આપ્યું છે. આપશ્રીએ આજ્ઞા કરી છે : 'નારાયણદાસ, આ માર્ગમાં મુખ્ય કર્તવ્ય પ્રભુની સેવા છે. મેં તમારે માથે શ્રીગોકુલચંદ્રમાજીનું મનોહર સ્વરૂપ પધરાવી આપ્યું છે. એ મારું સર્વસ્વ છે. પરમ પ્રીતિથી એમની સેવા કરજો. એ તમારા સર્વ મનોરથો પૂર્ણ કરશે.'

નારાયણદાસે શ્રીગોકુલચંદ્રમાજીનાં દર્શન કર્યાં. શ્યામ વર્ણનું અત્યંત સુકોમળ સ્વરૂપ છે. વળી સ્વરૂપ લલિત ત્રિભંગી છે. ચરણારવિંદ કટિ અને મસ્તક સ્હેજ નમેલાં છે. બે શ્રીહસ્તથી વેણુવાદન કરી રહ્યા છે. ડાબો ચરણારવિંદ જમીન ઉપર સ્થિર છે. જમણો ચરણારવિંદ સ્હેજ ઊંચો છે. તેની આંગળીઓનો સ્પર્શ ડાબા ચરણને થાય છે. દૃષ્ટિ નીચી છે.

શ્રીમહાપ્રભુજીએ તેમને સમજાવ્યું : 'નારાયણદાસ, પ્રભુએ શરદ પૂર્ણિમાની રાત્રે વૃંદાવનમાં મહારાસ કર્યો હતો અને વ્રજભક્તોને પૂર્ણ સ્વરૂપાનંદનું દાન કર્યું હતું, તે લીલાનું આ સ્વરૂપ છે.'

'જેઓ ગોકુલરૂપી નિઃસાધન ભક્તોના જીવનમાં ચંદ્ર બની આનંદ,

શીતળતા અને પ્રકાશ આપનારા છે તે શ્રીગોકુલચંદ્રમા. એ સ્વરૂપ તમારે ત્યાં પધાર્યું. કૃપા કરીને પધાર્યું છે. તમે પૂર્ણ પ્રેમથી એમની સેવા કરજો.

શ્રીમહાપ્રભુજી નારાયણદાસને ત્યાં મહાવન પધાર્યા. શ્રીગોકુલચંદ્રમાજીને પાટ પધરાવી એમની સેવાની સર્વ રીત નારાયણદાસને શીખવી. પછી આપશ્રી ત્યાંથી આગળ ભારત પરિક્રમા માટે પધાર્યા.

■

૪. પ્રેમ અને સાવધાનીભરી સેવા

નારાયણદાસ શ્રીગોકુલચંદ્રમાજીની સેવામાં તત્પર થઈ ગયા છે. ભત્રીજી અને ઘરના સર્વ સભ્યો એમને સહાયતા કરે છે. ઘેર ગાયો છે. ગાયોનું દૂધ, દહીં, ઘી, માખણ તથા દૂધમાંથી ખીર વગેરે સિદ્ધ કરી પ્રભુને સમર્પે છે. ઉત્તમ પ્રકારનું કોરું અન્ન, વિના માગે ઘરમાં આવે તેનાથી નિર્વાહ કરે છે.

નારાયણદાસ પ્રભુસેવા સાથે ગાયોની સેવા પણ પ્રેમથી અને જાતે કરતા. તે પણ કેવી રીતે? ગાયને ઘાસ પણ ધોઈને ખવરાવતા. ગાય રજવાળું ઘાસ ખાય અને પ્રભુના દૂધમાં એ રજ આવે તો! સુકુમાર પ્રભુને એનાથી શ્રમ થાય. આવું વિચારતા અને વળી ગાયોના સુખમાં યે પ્રભુની પ્રસન્નતા રહેને! પ્રત્યેક સેવા અને સામગ્રી સિદ્ધ કરવામાં પણ આવી સાવધાની રાખતા. ક્ષણે ક્ષણે પ્રભુનું સુખ વિચારતા.

તેમ છતાં મનમાં દીનતા અને પરિતાપ રાખતા. રાજભોગ ધરીને બહાર આવી જપપાઠ કરવા બેસે ત્યારે આંખમાં આંસુ આવી જતાં. ભત્રીજીને કહેતા : 'અરે, મારાથી કંઈ સચવાતું નથી. સેવા સામગ્રીમાં ઘણા દોષો થઈ જતા હશે. સુકુમાર પ્રભુ કેમ કરીને આરોગતા હશે?'



નારાયણદાસ શ્રીઠાકોરજી માટે ખૂબ સાવધાનીથી સામગ્રી સિદ્ધ કરે છે.



શ્રી ગોકુલચંદ્રમાજીની સેવા કરી રહેલા નારાયણદાસ અને તેમની ભત્રીજી.

ત્યારે ભત્રીજી કહેતી : 'બાબા, શ્રીમહાપ્રભુજીનો કોઈપણ સેવક, કોઈ પણ રીતે શ્રીજીને ભોગ ધરે તો તે શ્રીજીબાવા પ્રસન્નતાથી અંગીકાર કરે છે. તો તમે તો આપના કૃપાપાત્ર છો! આમ દુ:ખ શા માટે કરો છો?'

નારાયણદાસ કહેતા : 'બેટી, સેવાનું સ્વરૂપ મહાઅલૌકિક છે! કરવા જેવું તો ઘણું વધારે છે. આપણાથી એમાંનું કંઈ બનતું નથી. શ્રીવલ્લભની કાનીથી જ પ્રભુ આપણા ઘેર બિરાજે છે. પ્રભુ પ્રસન્નતા દેખાડે છે, તે પણ આપણું મન રાખવા ખાતર જ. આપણે તે કોણ માત્ર?'

નારાયણદાસની આવી ભાવભરી વાણી સાંભળતાં, ભત્રીજી ભાવવિવશ બની જતી. વળી તેઓ કહેતા : 'બેટી, પ્રભુ પ્રસન્નતાથી આરોગ્યા તો ત્યારે જાણીએ કે જ્યારે અચાનક વૈષ્ણવ આવી ચઢે અને મહાપ્રસાદ લે.' પણ એવું ભાગ્ય આપણું ક્યાંથી?

આપણે ભોગ ધરીએ તો પ્રભુ આરોગે જ, પરંતુ અચાનકનો ભાવ એ છે કે વૈષ્ણવ નોતર્યાં હોય ત્યારે તો વૈષ્ણવોના ભાવથી અધિક સામગ્રી થાય અને શ્રીઠાકોરજી વૈષ્ણવના ભાવથી આરોગે, પરંતુ નોતર્યાં ન હોય તો નિત્ય પોતાના ઘરે જેટલી સામગ્રી થતી હોય તેટલી જ થાય અને તેમાંથી વૈષ્ણવને પ્રસાદ લેવડાવે, વૈષ્ણવ ઉપર પ્રીતિ હોય તો પોતે ભૂખ્યો રહીને પણ લેવડાવે ત્યારે શ્રીઠાકોરજી પ્રેમથી આરોગ્યા છે એમ જાણીએ. શિક્ષાપત્રમાં શ્રીહરિરાયજીએ આજ્ઞા કરી છે : 'તદીયાશ્ચેત્સ્વતસ્તુષ્ટાસ્તુષ્ટ: કૃષ્ણો ન સંશય:' એટલે કે તદીય ભગવદીય આ રીતે સંતુષ્ટ થાય ત્યારે શ્રીઠાકોરજી સંતુષ્ટ (પ્રસન્ન) થયા છે એમ જાણીએ.

આમ નારાયણદાસને જેવો ભાવ શ્રીગોકુલચંદ્રમાજીમાં સિદ્ધ થયો હતો તેવો જ ભાવ શ્રીમદ્ આચાર્યચરણ શ્રીમહાપ્રભુજીમાં અને તેવો જ

ભાવ વૈષ્ણવોમાં પણ હતો. આવી અનિર્વચનીય પ્રીતિ હોય પછી ભગવદ્ કૃપા થવામાં બાકી શું રહે?

◆

૫. લાલકો મીઠી ખીર જો ભાવે

નારાયણદાસ ખીર ખૂબ સુંદર સિદ્ધ કરતા. શ્રીગોકુલચંદ્રમાજીને નિત્ય પ્રેમથી આરોગાવતા. પ્રભુ ઘણી પ્રસન્નતા દર્શાવતા : 'નારાયણદાસ, તારી ખીરના સ્વાદ આગળ તો છપ્પનભોગ પણ તુચ્છ છે!'

એક દિવસ પ્રભુને શૃંગાર અપાઈ રહ્યા અને નારાયણદાસ ખીરનો ભોગ ધરવાની તૈયારી કરતા હતા, એટલામાં ખબર આવી કે શ્રીમહાપ્રભુજી ગોકુળ પધાર્યા છે. વધામણી સાંભળતાં જ નારાયણદાસ પ્રેમવિવશ થઈ ગયા. મહાવનથી ગોકુળ આપનાં દર્શન કરવા જવાની આતુરતામાં ખીર ગરમ ગરમ હતી, છતાંયે શ્રીઠાકોરજીને ભોગ ધરી દીધી. મનમાં એમ કે જરા ઠંડી થશે પછી પ્રભુ આરોગશે.

તરત જ મહાવનથી નીકળ્યા. ગોકુળ આવી આપશ્રીને દંડવત્ કર્યા. આપશ્રી પૂછે છે : 'નારાયણદાસ, શ્રીગોકુલચંદ્રમાજીની સેવાનો શો સમય છે? આપશ્રી જ્યારે ગોકુળ પધારતા ત્યારે મહાવન જઈ શ્રીગોકુલચંદ્રમાજીના શૃંગાર અને ઝારી ચરણસ્પર્શ અવશ્ય કરતા. પછી ગોકુળ પધારીને ભોજન કરતા.

નારાયણદાસે કહ્યું : 'મહારાજ, શૃંગારભોગ ધરીને આવ્યો છું.'

આપશ્રી અપરસમાં જ મહાવન પધાર્યા. ભોગ સરાવવા મંદિરમાં પધાર્યા. જુએ છે તો શ્રીઠાકોરજીનો શ્રીહસ્ત ખીર ભરેલો છે અને આસપાસ



ઉપર : નારાયણદાસ ગરમ ખીરનો ભોગ ધરે છે.
નીચે : નારાયણદાસ ગોકુળમાં શ્રીમહાપ્રભુજીના દર્શન કરવા આવ્યા છે.

બધે ખીરનો છંટકાવ થયેલો છે. શ્રીઠાકોરજી એ ખીરભર્યો શ્રીહસ્ત ખેંચીને બિરાજી રહ્યા છે. શ્રીમહાપ્રભુજી પૂછે છે : 'બાવા, આજે આમ કેમ?'

શ્રીઠાકોરજી કહે છે : 'શું કરું? નારાયણદાસ આજે ગરમ ગરમ ખીર ધરીને ગયો. ખીર મને બહુ ભાવે છે, એટલે આરોગવા માટે મેં તરત એમાં હાથ નાખ્યો. હાથ દાઝ્યો એટલે છંટકોરાઈ ગયો. હું ક્યારનો હાથ પકડીને બેસી રહ્યો છું.' શ્રીમહાપ્રભુજીએ જોયું તો શ્રીઠાકોરજીના શ્રીહસ્ત, હોઠ બધું લાલ લાલ છે. આપશ્રીએ પવન નાખીને ખીર સુહાતી (ઠંડી-આંગળી બોળી શકાય તેવી) કરી. આરોગવાની વિનંતી કરી બહાર પધાર્યા. નારાયણદાસ ઉપર ખીજયા : 'આજે તે પ્રભુને ગરમ ખીર કેમ સમર્પી? પ્રભુને કેટલો શ્રમ થયો?'

નારાયણદાસે વિનંતી કરી : 'મહારાજ, આપનાં દર્શનની આતુરતામાં આવું થઈ ગયું. ભૂલ થઈ ગઈ છે, કૃપાનાથ!'

શ્રીમહાપ્રભુજીએ આજ્ઞા કરી : સેવામાં ખોટી ઉતાવળ કદાપિ ન કરવી. પ્રભુ સુકુમાર છે. એમના સુખનો વિચાર કરવો. અલૌકિક હેતુ માટે તેં આ ઉતાવળ કરી તો યે અનુચિત થયું, તો જે વૈષ્ણવો લૌકિક કાર્ય માટે સેવા જેમતેમ કરી દે તેની તો વાત જ શી કરવી?'

'મહારાજ, હવે કદી આવી ઉતાવળ નહિ કરું.'

વળી આપશ્રીએ આજ્ઞા કરી : 'શ્રીપ્રભુને ખીર અતિ પ્રિય છે. ખીર અને શૃંગારભોગ બંને શ્રીસ્વામિનીજીના ભાવનાં છે. એટલે પ્રભુ પ્રેમવશ બનીને તરત જ આરોગે છે. તેથી ખીર અને દૂધ પણ સુહાતાં કરીને જ પ્રભુને ધરવાં.'

પછી પોતે ભોગ સરાવવા મંદિરમાં પધાર્યા. શ્રીગોકુલચંદ્રમાજીએ આજ્ઞા કરી : 'નારાયણદાસ ખીર બહુ સુંદર સિદ્ધ કરે છે. આપ આરોગો.'



ઉપર : શ્રીગોકુલચંદ્રમાજી ગરમ ખીરથી દાઝેલો શ્રીહસ્ત શ્રીમહાપ્રભુજીને બતાવે છે.
નીચે : શ્રીપ્રભુ શ્રીમહાપ્રભુજીને ખીર આરોગાવે છે.

શ્રીમહાપ્રભુજી જરા જ્ઞાતિમર્યાદાનો વિચાર કરવા લાગ્યા. શ્રીઠાકોરજી કહે છે: 'મારી આજ્ઞા છે. આરોગો! ખીરની સામગ્રી અનસખડીમાં ગણવી એટલે કોઈ બાધ રહેશે નહિ.' ત્યારથી ખીરની સામગ્રી અનસખડીમાં ગણાવા લાગી.

પછી તો શ્રીઠાકોરજીએ પોતે ખીરનો કટોરો લઈ શ્રીમહાપ્રભુજીને ખીર આરોગાવી. નારાયણદાસને આવાં દર્શન થયાં. નારાયણદાસે એ ખીરનો મહાપ્રસાદ ગામના સૌ વૈષ્ણવોને લેવરાવ્યો. એમાં અપૂર્વ અલૌકિક સ્વાદ હતો. સૌ વૈષ્ણવોએ લીધી, છતાં ખીર તો હતી એટલી ને એટલી જ બાકી રહી. સૌને આવાં દર્શન થયાં. પ્રભુનું એ સાક્ષાત્ અધરામૃત હતું!

ખીર પ્રભુને એવી પ્રિય છે કે પ્રત્યેક ઋતુમાં નિત્ય પ્રભુને ખીર ધરાય છે.

■

૬. પ્રભુના સુખનો વિચાર

નારાયણદાસ દરરોજ શ્રીયમુનાજી જઈ, જમુનાજલની ગાગર ભરી લાવતા. એ જળથી ઝારીજી ભરતા. એક દિવસ એ ખભા ઉપર ગાગર મૂકી જમુનાજલ ભરવા જતા હતા, ત્યારે વચમાં રમણરેતીમાં તેમણે પોતાના સેવ્ય પ્રભુ શ્રીગોકુલચંદ્રમાજીને આનંદથી ખેલતા જોયા. તેઓ જરા સંકોચાઈને ચાલ્યા ગયા. મનમાં વિચાર્યું : 'પાછા વળતાં બીજા રસ્તે જઈશ.'

જળ ભરીને પાછા વળતાં સીધો માર્ગ મૂકીને ખેતરના રસ્તે આવ્યા. ત્યાં પણ એક ટેકરા ઉપર શ્રીઠાકોરજી ખેલતા હોય તેવાં દર્શન થયાં.



નારાયણદાસ જળ ભરવા જઈ રહ્યા છે. ત્યાં રસ્તામાં તેમને શ્રીગોકુલચંદ્રમાજી ખેલતા હોય તેવાં દર્શન થાય છે.

શ્રીગોકુલચંદ્રમાજી પૂછે છે : 'તું આ કાંટાળા માર્ગે કેમ આવ્યો? તને કેટલી તકલીફ પડી?'

નારાયણદાસે વિનંતી કરી : 'પ્રભુ, મને જોઈને આપના ખેલમાં ભંગ પડે તો? માટે માર્ગ બદલ્યો. મને હરકત પડી તો કંઈ નહિ. આપને શ્રમ ન થવો જોઈએ.'

'ના, ના, મારે તો બધાં યે સ્થળ ખેલવાનાં જ છે. અને વળી તારો તો મને જરાયે સંકોચ નથી. હવે તું યે મારી સાથે ખેલવા આવજે.' શ્રીઠાકોરજીએ અધિક કૃપા દર્શાવતાં આજ્ઞા કરી.

પોતાનાં દર્શનસુખનો સ્વાર્થ ન વિચારતાં, પ્રભુના શ્રમનો ને સુખનો વિચાર કરવો એ પુષ્ટિ ભક્તનું લક્ષણ. નારાયણદાસે એ આચરી બતાવ્યું.

■

૭. આ ઘટા હવે ક્યાં વરસશે?

નારાયણદાસ શ્રીગોકુલચંદ્રમાજીની ખૂબ પ્રેમથી સેવા કરતા અને પ્રભુ એમની સેવાને પ્રસન્નતાથી અંગીકાર કરતા. નારાયણદાસને આ રીતે સેવા કરતાં વર્ષો વીત્યાં.

એક દિવસ નારાયણદાસે શ્રીગોકુલચંદ્રમાજીને અદ્‌ભુત શૃંગાર ધરાવ્યો. ત્યારે આપશ્રીએ આનંદઘન સ્વરૂપે એમને દર્શન આપ્યાં. વદનચંદ્રમાંથી જાણે હાસ્યછટા રેલાઈ રહી હતી. ઘનશ્યામ પ્રભુના શ્રીમુખ ઉપરથી જાણે રસના મેહ વરસી રહ્યા હતા! આવાં અપૂર્વ અલૌકિક દર્શન થતાં જ તેઓ તલ્લીન થઈ ગયા. હૃદયમાં પરમાનંદ પ્રગટ્યો. શ્રીઠાકોરજીને વિનંતી કરી પૂછ્યું, 'કૃપનિધાન, આ ઘટા હવે ક્યાં વરસશે?'

ત્યારે શ્રીઠાકોરજીએ પ્રસન્ન થઈને કહ્યું : 'આ ઘટા શ્રીમહાપ્રભુજીનું સર્વસ્વ છે ત્યાં જ, એટલે કે શ્રીગુસાંઈજીના ઘેર, શ્રીરઘુનાથજી ઉપર વરસશે.'

આ સાંભળી નારાયણદાસ ઘણા ખુશ થયા. ખુશ થવાનું કારણ એ હતું કે નારાયણદાસ લીલામાં શ્રીરાધાસહચરીજીની સખી છે અને શ્રીરઘુનાથજીનું પ્રાગટ્ય શ્રીરાધાસહચરીજીનું છે. રાધાસહચરીજી લીલામાં નંદરાયજીને ઘેર પ્રભુની સેવામાં જે સોળ હજાર કુમારિકાઓ છે, તેમનાં મુખ્ય સ્વામિનીજી છે. તેમને ઋષિકુમાર રૂપે દંડકારણ્યમાં શ્રીરામચંદ્રજીનું વરદાન હતું કે તેઓ વ્રજમાં શ્રીકૃષ્ણ રૂપે તેમના મનોરથ પૂર્ણ કરશે; તેથી શ્રીગુસાંઈજીએ પાંચમા લાલજીનું નામ શ્રીરઘુનાથજી રાખ્યું હતું. જે બહુ રમાવે, બધાનાં મનને હરે તે રામ. શ્રીરઘુનાથજી પરમ સુંદર સ્વરૂપ. તેથી શ્રીરઘુનાથજી ઉપર ઘટાની વૃષ્ટિ થવાનું સાંભળીને નારાયણદાસ ખૂબ પ્રસન્ન થયા. તેમને થયું કે મારા સ્વામીનો સંબંધ સદા રહેશે.

આ પ્રસંગ ઉપરથી નારાયણદાસ સમજ્યા કે છેવટે તો શ્રીઠાકોરજીની ઈચ્છા શ્રીવલ્લભને ઘેર જ પધારવાની છે, અને એ જ વાત ઉત્તમ છે, શ્રીવલ્લભકુળ જેવી સેવા બીજું કોણ કરી શકવાનું હતું?

■

૮. ભક્તના ઋણમાંથી ક્યારે મુક્ત થઈશ?

નારાયણદાસનો દેહ ધીરે ધીરે અશક્ત થતો જાય છે. હવે એ વૃદ્ધ થયા છે. એક દિવસ શ્રીગોકુલચંદ્રમાજીએ તેમને પાસે બોલાવીને આજ્ઞા કરી : 'નારાયણદાસ, તેં મારી બહુ સેવા કરી છે. તું કંઈક માગ.'

'પ્રભુ, એટલું જ માગું છું કે મારાથી આપની સેવા ન થાય અને આપ



શ્રીઠાકોરજી નારાયણદાસને કંઈક માગવાનું કહે છે.

જ્યારે મારે ઘેરથી પધારો ત્યારે શ્રીવલ્લભકુળને ત્યાં પધારજો. ત્યાં સેવા કરાવજો; કારણ કે અન્યત્ર આપને સુખ નહિ થાય.' નારાયણદાસે વિનંતી કરી.

આ સાંભળીને શ્રીગોકુલચંદ્રમાજી વિવશ બની ગયા. 'અરે, આને કંઈ માગવાનું કહ્યું ત્યારે પોતાનું આ લોકનું કે પરલોકનું સુખ માગવાને બદલે મારું સુખ માગે છે! મારા આવા ભક્તોના ઋણમાંથી હું ક્યારે મુક્ત થઈશ? વળી એને હું શું આપું? પુષ્ટિમાર્ગનું પરમ ફળ તો એને પ્રાપ્ત થઈ ચૂક્યું છે. મારા સિવાય એને બીજી કોઈ વસ્તુ ખપતી નથી.'

નારાયણદાસે અહીં પુષ્ટિમાર્ગની રીત બતાવી. શ્રીઠાકોરજીએ પ્રસન્ન થઈને માગવાનું કહ્યું ત્યારે પોતાનું સુખ ન માગ્યું પરંતુ પ્રભુનું સુખ વિચાર્યું.

નારાયણદાસને શ્રીઠાકોરજીનાં આવાં વચનો સાંભળી ઘણો હર્ષ થયો. અંગે અંગમાં એવો ઉત્સાહ પ્રગટ્યો કે થાકેલું શરીર પુનઃ નવપલ્લવિત થઈ ગયું; તે એવું કે બીજાં પચાસ વર્ષ પર્યંત તેમણે શ્રીગોકુલચંદ્રમાજીની સેવા કરી.

■

૯. શ્રીગોકુલચંદ્રમાજીની ઇચ્છા

નારાયણદાસના પાછલા સમયમાં મહાવનના એક વૈષ્ણવ જેમનું નામ કૃષ્ણદાસ સ્વામી હતું, જેઓ નારાયણદાસની જ્ઞાતિના હતા અને શ્રીગુસાંઈજીના સેવક હતા, તેમની સહાયતામાં રહ્યા હતા. હવે નારાયણદાસને લીલામાં પ્રાપ્ત થવાનો સમય આવ્યો. તેમની ભત્રીજી ચતુરાનો દેહ છૂટ્યો અને તે લીલામાં પ્રાપ્ત થઈ. નારાયણદાસ આજીવન



કૃષ્ણદાસ શ્રીગોકુલચંદ્રમાજીને શ્રીગુસાંઈજીને ત્યાં પધરાવે છે.

બ્રહ્મચારી હતા. લગ્ન કર્યાં ન હતા એટલે તેમના વંશમાં તો કોઈ હતું જ નહિ. શ્રીગોકુલચંદ્રમાજીની સેવા હવે કોણ કરશે એવી ચિંતા સતત નારાયણદાસને રહેતી. હવે મારા પ્રભુનું શું? એવું તેઓ વિચારતા.

એક દિવસ તેમણે શ્રીઠાકોરજીને વિનંતી કરી, 'પ્રભુ, હવે આપની શી ઈચ્છા છે?'

શ્રીઠાકોરજીએ આજ્ઞા કરી : 'નારાયણદાસ, તું ચિંતા ન કરીશ. તું નહિ હોય ત્યારે થોડા દિવસ તો આ કૃષ્ણદાસ મારી સેવા કરશે. પછી હું શ્રીગુસાંઈજીને ઘેર શ્રીરઘુનાથજીને માથે પધારીશ.'

નારાયણદાસને હવે સંતોષ થયો. લીલામાં શ્રીરઘુનાથજી શ્રીરાધાસહચરીજીનું સ્વરૂપ અને નારાયણદાસ એમની જ સખી મધુરેક્ષણા છે. પ્રભુ પોતાના લીલા સંબંધીને ત્યાં જ બિરાજશે એ જાણીને પ્રસન્ન પણ થયા. વળી કૃષ્ણદાસ પણ લીલામાં નારાયણદાસની - મધુરેક્ષણાની સખી મૃદુબેની છે. પોતાની સખી પાસે પણ પ્રભુ સેવા કરાવશે તેનો પણ આનંદ થયો.

લીલામાં નારાયણદાસનું નામ મધુરેક્ષણા છે. મધુર છે ઈક્ષણ જેનું તે મધુરેક્ષણા. ઈક્ષણ એટલે દૃષ્ટિ. તેઓ શ્રીઠાકોરજીના - શ્રીચંદબાવાના મુખની સુંદરતા જોતાં જ દેહનું ભાન ભૂલી જતા એવી તેમને સ્વરૂપાસક્તિ થયેલી. અષ્ટપ્રહર તેઓ પ્રભુના સ્વરૂપનું ચિંત્વન કરતા.

પછી અતિ વૃદ્ધ વયે નારાયણદાસનો દેહ છૂટ્યો. એ લીલાધામમાં પ્રાપ્ત થયા. આ સમાચાર સાંભળતાં શ્રીગુસાંઈજી રોમાંચિત થઈ ગયા. શ્રીગોકુલનાથજીએ નારાયણદાસના ઉચ્ચ કોટિના ભાવની અતિ પ્રશંસા કરી. શ્રીવલ્લભના પરમ કૃપાપાત્ર, મહાનુભાવ નારાયણદાસજી શ્રીગોકુલચંદ્રમાજીના પણ પરમ કૃપાપાત્ર ભગવદીય હતા. જેમણે સદૈવ પ્રભુનું સુખ વિચાર્યું; જેમણે ધનનો કદી લોભ ન કર્યો. પોતાનું સર્વસ્વ શ્રીગોકુલચંદ્રમાજીને માનીને જીવનભર પૂર્ણ પ્રેમથી, દીનતાથી આપની સેવા કરી. પુષ્ટિમાર્ગના પરમ ફલને તેઓ પામ્યા.

થોડા દિવસ કૃષ્ણદાસ પાસે સેવા કરાવીને શ્રીગોકુલચંદ્રમાજી શ્રીગુસાંઈજીને ઘેર પધાર્યા. શ્રીગુસાંઈજીએ તેમના પાંચમા પુત્ર શ્રીરઘુનાથજીને સેવા માટે પધરાવી આપ્યા.

■

૧૦. સ્વરૂપભાવના અને લીલાભાવના

શ્રીગોકુલચંદ્રમાજી શ્રીગુસાંઈજીને ઘેર પધાર્યા અને આપશ્રીએ શ્રીરઘુનાથજીને પધરાવી આપ્યા ત્યારે શ્રીરઘુનાથજીએ એ સ્વરૂપની લીલાભાવના અને સ્વરૂપભાવના વિશે પૂછ્યું.

'કાકાજી, જેઓ શ્રીગોકુલરૂપી નિઃસાધન ભક્તોના જીવનમાં ચંદ્ર બની આનંદ, શીતળના અને પ્રકાશ આપનારા છે તે શ્રીગોકુલચંદ્રમા. બરાબરને? હવે આ સ્વરૂપની લીલાભાવના અને સ્વરૂપભાવના કૃપા કરી સમજાવશો?'

'હા, જુઓ. દશમ સ્કંધના તામસ ફળ પ્રકરણના બત્રીસમાં અધ્યાયની લીલાનું આ સ્વરૂપ છે. શરદપૂર્ણિમાની રાત્રિએ વૃંદાવનમાં શ્રીઠાકોરજીએ મહારાસ કર્યો અને વ્રજભક્તોને પૂર્ણ સ્વરૂપાનંદનું દાન કર્યું, તે લીલાનું આ સ્વરૂપ છે. પ્રાચીન સમયમાં તેઓ મધુરા એવા ગોપીજનોના સ્વામી રૂપે શ્રીમધુરેશજીના નામથી પણ પ્રસિદ્ધ હતા.'

'ગોકુળમાં શ્રીમહાપ્રભુજીએ આ જ સ્વરૂપે શ્રાવણ સુદ અગિયારસની



શ્રીગોકુલચંદ્રમાજીની આરતી કરી રહેલા શ્રીરઘુનાથજી.

મધ્યરાત્રિએ બ્રહ્મસંબંધની આજ્ઞા કરી હતી અને શ્રીમહાપ્રભુજીએ મધુરાષ્ટક દ્વારા તેમની સ્તુતિ કરી હતી.'

સંસ્કૃતમાં ચંદ્રને 'ઈન્દુ' પણ કહેવાય છે. તેથી આ સ્વરૂપનું એક નામ 'શ્રીગોકુલેન્દુ' છે. વૈષ્ણવો લાડમાં તેમને 'ચંદબાવા'ના નામથી બોલાવે છે.'

'આ સ્વરૂપ શ્યામ વર્ણનું છે. શ્યામવર્ણ શૃંગાર રસના રસદાનનો વર્ણ છે. આ સ્વરૂપે શ્રીઠાકોરજી વ્રજભક્તોને રસદાન કરે છે. ત્રણ અંગથી ત્રિભંગ બની સાત્વિક, રાજસ અને તામસ ભક્તોના મનનો પોતાનામાં નિરોધ કરે છે. બે ભુજા દ્વારા વેણુનાદ કરી અધરસુધાનું પાન કરાવે છે. ડાબો ચરણ પૃથ્વી ઉપર ધરી પુષ્ટિમાર્ગના સ્થાપનનું સૂચન કરે છે. જમણો ચરણ ઊંચો રાખી લોકવેદની મર્યાદાના ઉલ્લંઘનનું સૂચન કરે છે. ભૂમિ ઉપર કૃપા કરવા દૃષ્ટિ નીચી છે. અતિ કોમળ સ્વરૂપ છે, જે રસની કોમળતા પ્રગટ કરે છે.'

શ્રીરઘુનાથજી આ સ્વરૂપની લીલાભાવના અને સ્વરૂપભાવના જાણી પ્રસન્ન થયા. આપશ્રીએ પહેલા અડેલમાં અને પછી મથુરા થઈ શ્રીમદ્ ગોકુળમાં શ્રીગોકુલચંદ્રમાજીને પધરાવી સેવા કરી.

■

૧૧. શ્રીગુસાંઈજીના પંચમ લાલજી શ્રીરઘુનાથજી

શ્રીગુસાંઈજીના પાંચમા પુત્ર શ્રીરઘુનાથજીનું પ્રાકટ્ય સંવત ૧૬૧૧ના કારતક સુદ બારસે અડેલમાં થયું. સંવત ૧૬૧૮માં ગોકુલમાં આપને યજ્ઞોપવિત સંસ્કાર થયા અને સંવત ૧૬૨૬માં ગોકુળમાં જ આપનો



શ્રીગુસાંઈજીના પંચમ લાલજી શ્રીરઘુનાથજી

વિવાહ પ્રસ્તાવ થયો. આપશ્રીનાં વહુજીનું નામ શ્રીજાનકી વહુજી હતું. શ્રીગુસાંઈજી તેમને 'રામચંદ્ર'ના લાડકવાયા નામથી બોલાવતા.

શ્રીરઘુનાથજી નાના હતા ત્યારનો પ્રસંગ છે. એક વખત શ્રીગુસાંઈજી શ્રીનાથજીના શૃંગાર કરતા હતા. તેમનાં પાંચેય બાળકો ત્યાં હાજર હતા. તેમાં શ્રીરઘુનાથજી સૌથી નાના હતા. શૃંગારની એક પેટી શ્રીનાથજીના શય્યામંદિરમાં હતી. શ્રીગુસાંઈજીને તેની જરૂર હતી. 'મંજૂષામાનય' આપશ્રીએ સંસ્કૃતમાં આજ્ઞા કરી. શ્રીરઘુનાથજી સંસ્કૃતમાં બોલાયેલ આ આજ્ઞા સમજ્યા નહિ; પરંતુ બાળ સહજ ઉત્સાહથી શય્યામંદિર તરફ દોડ્યા. ત્યાં જઈને ઊભા રહ્યા. શું લઈ જવાનું છે તેની ખબર ન પડી, તેથી રડવા લાગ્યા. શ્રીમહાપ્રભુજી અને શ્રીનાથજી ત્યાં પ્રગટ થયા. તેમણે આજ્ઞા કરી : 'આ પેટી લઈ જાઓ. બંને સ્વરૂપોએ શ્રીરઘુનાથજીના મસ્તકે પોતાનો શ્રીહસ્ત મૂકી આશીર્વાદ આપ્યા. શ્રીરઘુનાથજી પેટી તો લઈ આવ્યા પણ સાથે સાથે સુંદર સંસ્કૃત ભાષામાં શ્રીગુસાંઈજીની સ્તુતિ કરતું 'શ્રીનામરત્નાખ્ય સ્તોત્ર' ગાતાં ગાતાં પધાર્યા. શ્રીગુસાંઈજી સહિત સૌને આનંદ સાથે આશ્ચર્ય થયું. શ્રીનામરત્નાખ્ય સ્તોત્ર, જેમાં શ્રીગુસાંઈજીનાં ૧૦૮ નામ છે, તે આ રીતે આપના દ્વારા શ્રીમહાપ્રભુજી અને શ્રીનાથજીની કૃપાથી રચાયું. શ્રીગુસાંઈજીના ઘરમાં સેવામાં સંસ્કૃત ભાષાનો ઉપયોગ થતો હતો. શ્રીનાથજીએ શ્રીગુસાંઈજીને આજ્ઞા કરી : 'મને વ્રજભાષા વધુ પ્રિય છે, માટે સેવામાં વ્રજભાષાનો ઉપયોગ કરો.' ત્યારથી સેવામાં સંસ્કૃતને બદલે વ્રજભાષાનો ઉપયોગ થવા લાગ્યો.

શ્રીરઘુનાથજીને એવો નિયમ હતો કે સવારે ઊઠીને શ્રીગુસાંઈજીનાં દર્શન કરતી વખતે જ આંખો ખોલે. તેમનો એક ખવાસ દરરોજ તેમનો શ્રીહસ્ત પકડી શ્રીગુસાંઈજી પાસે લઈ જાય. એક દિવસ તે ખવાસ આઘોપાછો થયો હતો. એટલે શ્રીરઘુનાથજી એકલા, આંખો મીંચી,

શ્રીગુસાંઈજી પાસે જવા નીકળ્યા. રસ્તામાં એક થાંભલા સાથે તેમનું મસ્તક અથડાયું. કપાળ સૂજી ગયું. શ્રીગુસાંઈજી પાસે પધાર્યા ત્યારે આપશ્રીએ આ સૂજેલું કપાળ જોયું. હકીકત જાણી. આજ્ઞા કરી : હું તમને મારું એક ચિત્ર તૈયાર કરાવી આપું છું. તમારા ખંડમાં રાખજો. ઊઠીને પહેલાં દર્શન કરજો. પછી મારી પાસે આવજો. આમ શ્રીરઘુનાથજીને શ્રીગુસાંઈજીમાં અનન્ય ભાવ હતો.

એક વખત શ્રીગુસાંઈજી પાસે 'શ્રીરામચરિતમાનસ'ના રચયિતા તુલસીદાસજી આવ્યા. તુલસીદાસ રામજીના અનન્ય ભક્ત હતા. શ્રીરામ સિવાય બીજા કોઈને હાથ જોડતા નહિ કે માથું નમાવતા નહિ. તે સમયગાળામાં શ્રીરઘુનાથજીનાં લગ્ન થયાં હતાં. શ્રીગુસાંઈજીએ શ્રીરઘુનાથજીને અને તેમનાં વહુજી શ્રીજાનકીજીને બોલાવ્યાં. આજ્ઞા કરી: તમારા સેવક આવ્યા છે. તેમને દર્શન આપો. બંને જણે તેમને રામ-સીતાના રૂપે દર્શન આપ્યાં. તુલસીદાસજી આશ્ચર્યચક્તિ થઈ ગયા.

શ્રીરઘુનાથજીને માથે શ્રીગુસાંઈજીએ શ્રીગોકુલચંદ્રમાજીનું સ્વરૂપ પધરાવી આપ્યું હતું. તેમણે ગોકુળમાં પોતાનું મંદિર બનાવી, તેમાં ગોકુલચંદ્રમાજીને પધરાવી તેમની સેવા ખૂબ પ્રેમથી કરી હતી. આપ ષડ્ગુણ પૈકી શ્રીધર્મનું સ્વરૂપ માનવામાં આવે છે. આપશ્રી ખૂબ વિદ્વાન હતા. આપશ્રીના રચેલા ૧૪ ગ્રંથો પ્રસિદ્ધ છે. નામરત્નાખ્ય સ્તોત્ર, વહ્નિસ્તવન, આરાધના સ્તુતિ, ગોકુલેશાષ્ટક, અષ્ટપદી, ગિરિધરાષ્ટક, કૃષ્ણચંદ્રાષ્ટક, શયન-આર્યા, વિઠ્ઠલેશાષ્ટક, ષોડશ ગ્રંથો ઉપરની ટીકાઓ, નામચંદ્રિકા સ્તોત્ર, વલ્લભાષ્ટકની ટીકા, વચનામૃતો તથા આખ્યાન સ્તુતિ. આપશ્રીએ 'રઘુનાથ'ની છાપથી વ્રજભાષામાં કેટલાંક પદો પણ રચ્યાં છે. સંવત ૧૬૬૦ના અરસામાં તેમણે નિત્યલીલા પ્રવેશ કર્યો. આશરે ૪૯ વર્ષ તેઓ પૃથ્વી ઉપર બિરાજ્યા. તેમની એક બેઠક ગોકુળમાં છે. તેમને

પાંચ પુત્રો શ્રીદેવકીનંદનજી, શ્રીગોપાલજી, શ્રીયશોદાનંદજી અને દ્વારકેશજી હતા. એક પુત્રી જમુનાજી હતાં.

શ્રીરઘુનાથજીની વધાઈ

જયતિ રઘુનાથ ગુન ગાન વિખ્યાત
વ્રજ જીત પંડિતકો સરન લીને ।
શાસ્ત્ર સબ જાનિ, અભિમાન કરી વાદી જન આયે,
મદ ગર્વ સબ ખંડ કીને ॥૧॥
કપટ પટ દૂરિ કરિ, પ્રગટ લીલા ધરી,
ભક્તિ નવ ભાવયુક્ત દસમ દીને ।
જાનકી રમણ ગુણ કૌન કવિ કહિ સકે,
સરસરંગી સબૈ ચિત્ર છીને ॥૨॥

■

૧૨. શ્રીગોકુલચંદ્રમાજી જયપુર પધાર્યા.

ઘણાં વર્ષો સુધી શ્રીરઘુનાથજીએ ગોકુળમાં બિરાજી, પૂર્ણપ્રેમથી શ્રીગોકુલચંદ્રમાજીને સેવ્યા પછી સંવત ૧૬૬૦ની આસપાસ આપશ્રીએ શ્રીગોકુલચંદ્રમાજીના મુખમાં સદેહે નિત્યલીલા પ્રવેશ કર્યો. આપના નિત્યલીલા પ્રવેશ પછી આપના વિદ્વત્વર્ય અને પ્રતાપી વંશજો દ્વારા શ્રીગોકુલચંદ્રમાજી પૂર્ણ પ્રેમથી સેવાયા અને આજે પણ સેવાઈ રહ્યા છે. સૌએ શ્રીગોકુલચંદ્રમાજીને ખૂબ લાડ લડાવ્યાં. સેવાપરાયણ અને ભક્તિભાવ સંપન્ન આ આચાર્યવર્યોએ અહર્નિશ શ્રીગોકુલચંદ્રમાજીનું સુખ વિચાર્યું.

પંચમ ગૃહની પરંપરામાં શ્રીગિરિધરજી મહારાજ થયા. સંવત ૧૭૧૫માં આપનું પ્રાગટ્ય થયું હતું. આપશ્રી સેવાપરાયણ અને શ્રીગોકુલચંદ્રમાજીમાં પૂર્ણ આસક્તિ ધરાવનાર હતા. તે સમયે શ્રીચંદબાવાનો એક પરમ ભક્ત ચંદબાવાને પોતાના ઘેર પધરાવવા દૈન્યભાવથી રોજ વિનંતી કરતો હતો. ભક્તમનોરથપૂરક પ્રભુ તે ભક્તની ઈચ્છા પૂર્ણ કરવા એક દિવસ અંતર્ધાન થઈ ગયા. શ્રીગિરિધરજી મહારાજને શ્રીચંદબાવાનાં દર્શન ન થતાં આપશ્રી અતિ વિહ્વળ બની ગયા. અન્નજળનો ત્યાગ કરી શ્રીચંદબાવાને શોધવા વ્રજમાં ફરતા રહ્યા. શ્રીગિરિધરજી મહારાજનું આ વિરહદુઃખ સહન ન થતાં શ્રીચંદબાવા પુનઃ પાછા પધાર્યા.

શ્રીગિરિધરજી મહારાજને ત્યાં સંવત ૧૭૫૧માં શ્રીદ્વારકેશજી મહારાજનું પ્રાકટ્ય થયું. આપશ્રી સુંદર કાવ્યશક્તિ ધરાવનાર આચાર્ય હતા. આપશ્રીએ અનેક પદોની રચના વ્રજભાષામાં કરી છે. આ પુસ્તકના ચોથા ટાઈટલ પેજ ઉપર આપેલું શ્રીગોકુલચંદ્રમાજીના સ્વરૂપની ભાવના સમજાવતું પદ આપશ્રી રચિત છે. આપશ્રીએ 'મૂળપુરુષ' તથા 'ભાવભાવના'નો ગ્રંથ પણ વ્રજભાષામાં રચ્યો છે.

પંચમ ગૃહની પરંપરામાં સં. ૧૭૯૯માં શ્રીદેવકીનંદનજી મહારાજ (તૃતીય)નું પ્રાગટ્ય થયું. આપશ્રીનો અલૌકિક પ્રતાપ હતો. તેનાથી પ્રભાવિત થઈ જયપુરના મહારાજા માધોસિંહે આપને જયપુર પધારવા અને કાયમી નિવાસ કરવા વિનંતી કરી. મહારાજાના આ પ્રેમભર્યા આગ્રહને વશ થઈ શ્રીદેવકીનંદનજી મહારાજે પોતાના સેવ્ય નિધિસ્વરૂપ શ્રીગોકુલચંદ્રમાજીને જયપુર પધરાવી ત્યાં નિવાસ કર્યો. તે સમયે આપની સાથે સપ્તમ નિધિ સ્વરૂપ શ્રીમદન મોહનજી પણ બિરાજતા હતા. આપશ્રીને ત્યાં પુત્રરત્નનું પ્રાગટ્ય ન થતાં દ્વિતીય ગૃહના શ્રીવલ્લભજી મહારાજને આપે ગોદ લીધા.

આ શ્રીવલ્લભજી મહારાજને શ્રીગોકુલચંદ્રમાજીની સેવામાં અનન્ય આસક્તિ હતી. પોતાના સેવ્યનિધિને છોડીને ક્યાંય પધારતા નહિ; પરંતુ એકવાર શ્રીનાથજીના શૃંગાર કરવા આપ નાથદ્વારા પધાર્યા. શૃંગાર શ્રીનાથજીનો કરતા હતા પરંતુ તે વખતે ચિત્ત તો શ્રીચંદબાવામાં જ હતું. તેથી નિત્યક્રમ પ્રમાણે શૃંગાર ધર્યા પછી વેણુજી ધરાવવા ગયા ત્યારે શ્રીજીબાવાએ ચંદબાવાની જેમ બે શ્રીહસ્તમાં વેણુજી ન ધરતાં આપનાં વિરહાતુર નયનોમાંથી અશ્રુધારા વહેવા માંડી. ભક્તવત્સલ શ્રીજીબાવા આ દુઃખ સહન ન કરી શક્યા અને તત્કાલ શ્રીગોકુલચંદ્રમાજી સ્વરૂપે દર્શન આપી, બે શ્રીહસ્તમાં વેણુજી અંગીકાર કરવાની કૃપા કરી. શ્રીવલ્લભજી મહારાજ ભાવવિભોર બની ગયા.

સંવત ૧૮૯૩માં આપને ત્યાં શ્રીગોવિંદજીનું પ્રાગટ્ય થયું. આપ સંપ્રદાયના ગ્રંથોના સારા અભ્યાસુ હતા. શાસ્ત્રોક્ત ધર્માચરણના દૃઢ આગ્રહી હતા. સદા સેવા પરાયણ રહેતા હતા.

આપશ્રીના સમયમાં જયપુરનો રાજા રામસિંહજી શૈવમાર્ગી સાધુઓના સંગમાં હોવાથી, વૈષ્ણવ આચાર્યો પ્રત્યે દ્વેષભાવના ધરાવતો. તેના આ દ્વેષભર્યા વર્તનને કારણે શ્રીગોવિંદજી મહારાજે જયપુરનો ત્યાગ કરવાનું નક્કી કર્યું. તે સમયે મંદિરમાં અખૂટ વૈભવ અને સંપત્તિ હતા. એ સર્વ સંપત્તિનો ત્યાગ કરી આપશ્રી માત્ર પોતાના સેવ્યસ્વરૂપોને પધરાવી, જયપુરથી બિકાનેર પધાર્યા. બિકાનેરના મહારાજાએ આપશ્રીને બિકાનેર પધારવા અતિ પ્રેમપૂર્વક આમંત્રણ આપ્યું હતું. અહીં આપશ્રી છ વર્ષ બિરાજ્યા. બિકાનેરના રાજા સરદારસિંહજીને આપના પ્રત્યે તેમજ શ્રીઠાકોરજી પ્રત્યે ખૂબ ભક્તિભાવ હતો, છતાં શ્રીગોવિંદજી મહારાજે જયપુરની ઘટના પછી કોઈપણ રાજ્યના આશ્રય નીચે નહિ રહેવાનો નિશ્ચય કર્યો અને શ્રીગોકુલચંદ્રમાજીને બિકાનેરથી ફરી પાછા કામવન

પધરાવ્યા. સં. ૧૯૨૯ના મહા સુદ ૧૩ના દિવસે શ્રીગોકુલચંદ્રમાજી અને શ્રીમદનમોહનજી કામવન પધાર્યા. ત્યારથી આજ સુધી બંને સ્વરૂપો કામવનમાં જ બિરાજે છે. બે ભવ્ય મંદિરો કામવનમાં (કામામાં) બાજુબાજુમાં આવેલાં છે.

મિત્રો, કામવન જાઓ ત્યારે આ બંને નિધિસ્વરૂપોનાં દર્શને જરૂર જજો.

◆

૧૩. કામવન

શ્રીગોકુલચંદ્રમાજી હાલ કામવનમાં બિરાજે છે. કામવન વ્રજમાં આવેલું છે. વ્રજમાં કુલ ૧૨ વન છે. તેમાનું આ પાંચમું વન છે. એમ કહેવાય છે કે પાંડવોએ તેમના વનવાસનો સમય અહીં વિતાવ્યો હતો. મહાભારતમાં તેનું નામ 'કામ્યવન' કહેવાયું છે.

સારસ્વત કલ્પનું આ પણ એક વૃંદાવન છે. ભગવાન કૃષ્ણ પાંચ વર્ષના થયા ત્યાં સુધી તેમણે આ વનમાં લીલાઓ કરી હતી. પૃથ્વી ઉપરનાં બધાં તીર્થો અહીં આવીને વસ્યાં છે. અહીં સૌની સકલ કામના પૂર્ણ થાય છે; તેથી તેનું નામ કામવન પડ્યું છે. કામવનને બધા તીર્થોનો રાજા કહેવાય છે.

એકવાર શ્રીયશોદાજી ઠાકોરજીને પોઢાડતાં હતાં ત્યારે તેમણે શ્રીઠાકોરજીને રામસીતાની વાર્તા કહી. યશોદાજીને તે વખતે રામસીતાની ઝાંખી કરવાનું મન થયું; ત્યારે શ્રીઠાકોરજીએ આ સ્થળે માતાને રામાવતારની લીલાનાં દર્શન કરાવ્યાં હતાં.

અહીં એક ઊંડો અને વિશાળ કુંડ આવેલો છે. તેનું નામ વિમલકુંડ છે. એમ કહેવાય છે કે ચાતુર્માસમાં બધાં તીર્થો વ્રજમાં આવીને બિરાજે છે. એક વખત બધાં તીર્થો આવ્યાં પણ પુષ્કરરાજ ન આવ્યા. ત્યારે ભગવાને વિમલકુંડ પ્રકટ કર્યો. તેના જળમાંથી વિમલા નામે સુંદર સ્ત્રી પ્રકટ થઈ. શ્રીઠાકોરજીએ તેની સાથે જલવિહાર કર્યો. તેને વરદાન આપ્યું: 'તું આજથી વિમલાદેવી તરીકે અહીં વાસ કર. લોકો તારી પૂજા કરશે. આ કુંડનું નામ પણ વિમલકુંડ રહેશે. જે મનુષ્ય એકવાર આ કુંડમાં સ્નાન કરશે તેને સાત વખત પુષ્કરમાં સ્નાન કરવાનું ફળ મળશે.' આથી વિમલકુંડને તીર્થરાજ કહેવામાં આવે છે. તેને કિનારે વિમલાદેવી અને ચતુર્ભુજદેવનાં મંદિરો છે. પાકા પથ્થરના બાંધેલા ઘાટ છે. સુંદર છત્રીઓથી શોભાયમાન છે.

કામવન ગામ આજે કામા નામથી ઓળખાય છે. અહીં શ્રીગોકુલચંદ્રમાજીનું વિશાળ મંદિર આવેલું છે. પંચમગૃહનું આ મુખ્ય મંદિર છે. મંદિરની સામે વૈષ્ણવોના નિવાસ માટે બે ધર્મશાળાઓ આવેલી છે.

આ મંદિરની બાજુમાં જ બીજું એક મોટું મંદિર આવેલું છે. આ મંદિર સપ્તમ ગૃહનું મુખ્ય સ્થાન છે. અહીં શ્રીમહાપ્રભુજીના પૂર્વજ શ્રીયજ્ઞનારાયણ ભટ્ટને યજ્ઞકુંડમાંથી પ્રાપ્ત થયેલ શ્રીમદનમોહનજી બિરાજે છે. આ સ્વરૂપ શ્રીગુસાંઈજીએ તેમના સપ્તમ કુમાર શ્રીઘનશ્યામજીને પધરાવી આપ્યું હતું.

કામા ગામની બહાર એક વિશાળ કુંડ આવેલો છે. તેનું જળ શીતળ અને સ્વચ્છ છે. કુંડમાં ખૂબ કમળ થાય છે. આજુબાજુ સઘન વૃક્ષો છે. સ્નાન કરવા માટે પાકો બાંધેલો ઘાટ છે. કુંડમાંથી માખણ જેવી સફેદ અને કોમળ રેતી નીકળે છે. તેને શ્રીકુંડ કહેવાય છે.

શ્રીમહાપ્રભુજી અહીં પધાર્યા ત્યારે આ સ્થળે છોંકરનો વૃક્ષ નીચે બિરાજ્યા હતા. અહીંના ચોર્યાસી કુંડોમાં સ્નાન કર્યું હતું. શ્રીમદ્ ભાગવતનું પારાયણ કર્યું હતું.

તે વખતે અહીંના તીર્થગોરે આવીને શ્રીમહાપ્રભુજીને કહ્યું હતું : 'અહીં એક બ્રહ્મરાક્ષસ રહે છે. તે સૌને દુ:ખ આપે છે. માટે તમે અહીં રાતવાસો કરશો નહિ.'

પરંતુ શ્રીમહાપ્રભુજીએ તો ત્યાં જ મુકામ રાખ્યો. અડધી રાત્રે બ્રહ્મરાક્ષસ આવ્યો. તે સમયે કૃષ્ણદાસ મેઘન શ્રીમહાપ્રભુજીનાં વસ્ત્રો ધોતા હતા. તેમણે બ્રહ્મરાક્ષસને જોયો. શ્રીમહાપ્રભુજીને સમાચાર આપ્યા. આપશ્રી ત્યાં પધાર્યા. આજ્ઞા કરી : 'કૃષ્ણદાસ, આ રાક્ષસ ઉપર મારાં વસ્ત્રો ધોયેલું જળ છાંટો.' જળ છાંટતાં જ તે રાક્ષસની પ્રેતયોનિ છૂટી ગઈ.

શ્રીમહાપ્રભુજીએ કૃષ્ણદાસ મેઘનને સમજાવ્યું : 'આ પ્રેત પૂર્વજન્મમાં બ્રાહ્મણ હતો. આ પ્રદેશનો રાજા હતો. તેણે બ્રાહ્મણોને ઘણી જમીન દાનમાં આપી હતી; પરંતુ પાછળથી બુદ્ધિ બગડતાં તે જમીન પાછી લઈ લીધી. તેથી બ્રાહ્મણોએ તેને શાપ આપ્યો એટલે તે બ્રહ્મરાક્ષસ થયો હતો.

તેનો અપરાધ એટલો મોટો હતો કે વ્રજરજથી પણ તેની મુક્તિ ન થઈ. અરે! શ્રીમહાપ્રભુજીનાં સાક્ષાત્ દર્શનથી પણ તેની મુક્તિ ન થઈ. તેની મુક્તિ શ્રીમહાપ્રભુજીનાં વસ્ત્રોનાં જળથી થઈ!

આ રમણીય સ્થળે હાલ શ્રીમહાપ્રભુજીનાં બેઠકજી બિરાજે છે. સેવાનો પ્રકાર ચાલે છે.

બાલમિત્રો, વ્રજમાં જાઓ તો કામવન જરૂર જજો. ત્યાં શ્રીચંદબાવાનાં અને શ્રીમદનમોહનજીનાં દર્શન કરજો. શ્રીમહાપ્રભુજીનાં બેઠકજીએ પણ ઝારી ચરણસ્પર્શ કરજો. ચંદબાવાનાં દર્શન કરતાં નારાયણદાસજીને પણ જરૂર યાદ કરી લેશો.

■

॥ શ્રીમદ્ ગોકુલચંદ્રાષ્ટકમ્ ॥

(રચના : શ્રીહરિરાયજી)

(છંદ : આર્યા)

શ્રીમદ્ ગોકુલચંદ્રે ત્રિભંગસંદર્શિતાંગમાધુર્યે ।
ગોપીનયનચકોરે નંદ કિશોરે મતિર્મેસ્તુ ॥૧॥

અર્થ : લલિત ત્રિભંગ સ્વરૂપથી શ્રીઅંગનું માધુર્ય બતાવનારા, ગોપીજનોનાં નેત્રોનાં ચકોર પક્ષી જેવા નંદકિશોર શ્રીગોકુલચંદ્રપ્રભુમાં મારી બુદ્ધિ રહો. (૧)

શ્રીમદ્ ગોકુલ જલદેધરસુધયા વૃષ્ટિપૂરણૈકપરે ।
વિદ્યુન્નિભત્રિરેખા સુવર્ણતિલકે મતિર્મેસ્તુ ॥૨॥

અર્થ : શ્રીમદ્ ગોકુલના મેઘરૂપે અધરામૃતની પૂર્ણ વૃષ્ટિ કરનારા, લલાટમાં વીજળીની કાંતિ જેવી ત્રિવલીમાં શોભતા સુવર્ણ તિલકવાળા શ્રીગોકુલચંદ્રપ્રભુમાં મારી બુદ્ધિ રહો. (૨)

ચિબુક વિરાજિત ચિબુકે શોભિતનાસાવિભૂષણે મધુરે ।
તિલક સુભાલિતભાલેલકવૃતભાલે મતિર્મેસ્તુ ॥૩॥

અર્થ : હડપચીએ શોભતા ચિબુકવાળા, નાસિકામાં સુશોભિત મધુર નક્વેસરવાળા, તિલકથી સુંદર લાગતા અને વાંકડિયા કેશ આચ્છાદિત ભાલ પ્રદેશવાળા શ્રીગોકુલચંદ્રજીમાં મારી બુદ્ધિ રહો. (૩)

વક્રિતદક્ષિણ - ભાગોષ્ણીષે વામૈક ચંદ્રિકાદેશે ।
ગુંજામાલા વિશદે ભૂષિતભૂષે મતિર્મેસ્તુ ॥૪॥

અર્થ : જમણી બાજુ ઢળતી પાઘવાળા, ડાબી બાજુ ઢળતી મોરપિચ્છની ચંદ્રિકાવાળા, ગુંજામાળાથી શોભતા શૃંગારવાળા શ્રીગોકુલચંદ્રજીમાં મારી બુદ્ધિ રહો. (૪)

મુખરિતનૂપુરચરણે કટિબદ્ધક્ષુદ્રઘંટિકાભરણે ।
ત્રિવલી ભૂષણરચિત શ્રીકંઠે મે મતિર્ભૂયાત્ ।।૫।।

અર્થ : ઝંકાર કરતાં ઝાંઝર ધરેલા ચરણવાળા, કટિ પર ઝીણી ઘુઘરીઓવાળા કંદોરો ધરેલા અને શ્રીકંઠમાં ત્રણ સેરની માળા ધરી છે એવા શ્રીગોકુલચંદ્રજીમાં મારી બુદ્ધિ રહો. (૫)

ચોરિતદુગ્ધં વદને ભૃત્વા ગોપાંગનાવદને ।
કૃતગંડૂષં ચલિતં ગોકુલચંદ્ર ભજામ્યહં સતતં ।।૬।।

અર્થ : ચોરેલું દૂધ મુખમાં ભરી, ગોપીજનોના મુખ પર કોગળો કરી દોડી જતા શ્રીગોકુલચંદ્રજીનો હું સદા આશ્રય કરું છું. તેમને ભજું છું. (૬)

ગોદોહન સમયત્પ્રાક્ વત્સાનુન્મુચ્ય દામતઃ ક્ષુધિતવાન્ ।
ઉચ્છાલયન્ પ્રભુર્મે ધાવંશ્ચિતં તથા નયતુ ।।૭।।

અર્થ : ગાયો દોહવાના સમય પહેલા જ ભૂખ્યાં વાછરડાંઓને દોરડેથી છોડી હાંકી મૂકતા અને દોડી જતા પ્રભુ શ્રીગોકુલચંદ્રજી મારા ચિત્તને દોરો. (૭)

દેવાંગના દર્શનીય કુમારે વ્રજસુંદરે ।
વત્સપુચ્છાવલંબેસ્મિનમનો મે સંપ્રધાવતુ ।।૮।।

અર્થ : દેવસ્ત્રીઓને દર્શન કરવા લાયક, વાછરડાના પૂંછડે વળગતા, વ્રજસુંદર શ્રીગોકુલચંદ્રજી તરફ મારું ચિત્ત દોડી જાવ. (૮)

ઈતિ શ્રીહરિદાસોદિતં શ્રીમદ્ ગોકુલચંદ્રાષ્ટકમ્ સમાપ્તમ્ ।

■

હિંડોળાનું કીર્તન

રાગ : માલવ **રચના : આશકરણજી**

ઝૂલત ગોકુલચંદ હિંડોરે ઝુલવત સબ વ્રજનારી ।
સંગ શોભિત વૃષભાનનંદિની, પહેરે કસુંભી સારી ।।૧।।
પચરંગી ડોરી ગુહિ લીની, ડાંડી સરસ સઁવારી ।
આશકરણ પ્રભુ મોહન ઝૂલત, ગિરિ ગોવર્ધનધારી ।।૨।।

શૃંગારનું કીર્તન

રાગ : મલ્હાર **રચના : કુંભનદાસજી**

આજ સખી ગોકુલચંદ બિરાજે ।
નેન્હીં નેન્હીં બૂંદન બરખન લાગ્યો, મંદ મંદ ઘન ગાજે ।।૧।।
મોર મુકુટ મકરાકૃત કુંડલ, વનમાલા છબિ રાજે ।
કુંભનદાસ પ્રભુ ગોવરધનધર, પ્રકટ ભક્ત હિત કાજે ।।૨।।

ભેટપુસ્તકના મુખ્ય મનોરથી

શ્રીમતી કુસુમબેન અરુજીસ
તથા
શ્રી બકુલાબેન એમ. પટેલ
ના સૌ વૈષ્ણવોને સદૈન્ય ભગવત્સ્મરણ.

ભેટપુસ્તકના સહ-મનોરથી

છીતીબેન તથા જીવણલાલ ગિરધરલાલ દેસાઈ
મૃદુલાબેન દિલીપભાઈ મજમુદાર (અમદાવાદ)
પ્રતિમાબેન અરૂણકુમાર પારેખ (મુંબઈ)
પ્રવીણભાઈ સી. શાહ (મુંબઈ)
જગદીશ ફુડ્સ પ્રા. લી. (વડોદરા)
ચિ. રાધિકાબેન જયંતિલાલ મોરઝરીયા (લંડન)
ગો.વા. લાભુબેન રામજીભાઈ સવસાણી (નાનડીયા-કોલ્હાપુર)
હર્ષદભાઈ શાહ પરિવાર
મધુકાન્તા આર. મિસ્ત્રી (બોસ્ટન-અમેરીકા)
પ્રિયેશ સુરેન્દ્ર ઠકરાર (યુ.કે.)
કૃપા સુરેન્દ્ર ઠકરાર (યુ.કે.)
મિલન સુરેન્દ્ર ઠકરાર (યુ.કે.)
ગો.વા. જશુમતી વ્રજમોહન આણંદજીવાલા (વલસાડ)
ના સૌ વૈષ્ણવોને સદૈન્ય જયશ્રીકૃષ્ણ.

શ્રીહરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ
દ્વારા પ્રકાશિત હાલ મળતાં પુસ્તકો

પુસ્તકનું નામ	ન્યો. રૂ.
વ્રજ મેરે મન ભાયી	૩૫૦/-
શ્રીનામરત્નાખ્ય-સચિત્ર	૧૫૦/-
આનંદનો આવિષ્કાર ભાગ-૧	૫૦/-
આનંદનો આવિષ્કાર ભાગ-૨	૪૦/-
આનંદનો આવિષ્કાર ભાગ-૩	૪૦/-
ષોડશગ્રંથનું આચમન ભાગ - ૧	૪૦/-
ષોડશગ્રંથનું આચમન ભાગ - ૨	૪૦/-
ષોડશગ્રંથનું આચમન ભાગ - ૩	૪૦/-
ષોડશગ્રંથનું આચમન ભાગ - ૪	૨૫/-
ષોડશગ્રંથ (સાર્થ)	૧૫/-
શ્રીવલ્લભસ્ય હિતમ્ વચઃ	૪૦/-
પુષ્ટિમાર્ગની પગદંડી	૪૦/-
ચિત્તમેં શ્રીજમુના નિસદિન રાખો	૪૦/-
શ્રીભાગવતામૃત : ભાગ - ૧	૨૦/-
શિક્ષાપત્રનું આચમન ભાગ - ૧	૫૦/-
શિક્ષાપત્રનું આચમન ભાગ - ૨	૪૦/-
શિક્ષાપત્રનું આચમન ભાગ - ૩	૫૦/-
શિક્ષાપત્રનું આચમન ભાગ - ૪	૫૦/-
તુલસીક્યારો ભાગ-૨	૩૦/-
તુલસીક્યારો ભાગ-૩	૩૦/-
તુલસીક્યારો ભાગ-૪	૩૦/-
તુલસીક્યારો ભાગ-૫	૩૦/-
તુલસીક્યારો ભાગ-૬	૩૦/-
તુલસીક્યારો ભાગ-૭	૩૦/-
તુલસીક્યારો ભાગ-૮	૨૦/-
તુલસીક્યારો ભાગ-૯	૨૦/-
તુલસીક્યારો ભાગ-૧૦	૨૦/-
તુલસીક્યારો ભાગ-૧૧	૨૦/-
કરીયે શ્રીસર્વોત્તમ રસપાન ભાગ - ૧	૩૦/-
શ્રીબેઠક ચરિત્ર (સચિત્ર) ભાગ - ૧	૩૦/-
શ્રીબેઠક ચરિત્ર (સચિત્ર) ભાગ - ૨	૩૦/-
ભજનીયો વ્રજાધિપઃ	૫૦/-
શ્રીગોવર્ધનલીલાનું રહસ્ય	૧૦/-
ગોઠડી ગોવિંદની	૨૦/-
શ્રીનાથજીના ધજાજી	૧૦/-
મુલાકાત મહાનુભાવોની ભાગ-૨	૩૦/-
રંગીલા શ્રીનાથજી (અંગ્રેજી)	૨૦/-
મધુરા મહાપ્રભુજી (અંગ્રેજી)	૨૦/-
મૃત્યુ - પુષ્ટિમાર્ગીય દૃષ્ટિકોણ	૦૫/-
સુખદુઃખ - પુષ્ટિમાર્ગીય દૃષ્ટિકોણ	૦૫/-
હું કોણ? - પુષ્ટિમાર્ગીય જવાબ	૦૫/-
મોક્ષ - પુષ્ટિમાર્ગીય દૃષ્ટિકોણ	૦૫/-
મનની શાંતિ : પુષ્ટિમાર્ગીય દૃષ્ટિકોણ	૦૫/-
જીવન : પુષ્ટિમાર્ગીય દૃષ્ટિકોણ	૦૫/-
ગિરિરાજ ગુણગાન	૦૫/-
: ઓડિયો કેસેટ :	
મંગલાચરણ અને નિત્યસ્મરણ **રૂબરૂ**	૧૦૦/-
(ચાર કેસેટોનો સેટ) **પોસ્ટથી**	૧૨૫/-
શ્રીયમુનાષ્ટકનું રસપાન **રૂબરૂ**	૩૦૦/-
(બાર કેસેટોનો સેટ) **પોસ્ટથી**	૩૫૦/-
શ્રીકૃષ્ણાશ્રય **રૂબરૂ**	૩૨૫/-
(તેર કેસેટોનો સેટ) **પોસ્ટથી**	૩૭૫/-
એકતાલીસ પદ રસાસ્વાદ **રૂબરૂ**	૪૫૦/-
(અઢાર કેસેટોનો સેટ) **પોસ્ટથી**	૫૦૦/-

● સૂચના ●

● મહેસાણા કાર્યાલય જ પોસ્ટથી/પાર્સલથી મંગાવેલાં પુસ્તકો મોકલશે. ● બાકી બીજેથી માત્ર રૂબરૂમાં જ મળશે. ● ઉપર પૈકી જે પુસ્તકો જોઈતાં હોય, તેની કુલ રકમ મ.ઓ./ડ્રાફ્ટ/ આંગડીયા દ્વારા મોકલવી. ● પુસ્તકો સાદા બુકપોસ્ટથી મોકલાશે. બુકપોસ્ટ ગેરવલ્લે જાય તો તેની જવાબદારી સંસ્થાની રહેશે નહીં. તે સંજોગોમાં સંસ્થા બીજી વખત પુસ્તકો નહીં મોકલે. ● રજિસ્ટર્ડથી મંગાવવા રજિ. ખર્ચના રૂા.૧૭/- વધુ મોકલવા. ● ડ્રાફ્ટ 'શ્રીહરસાનીજી પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ'ના નામનો મોકલવો. ● મહેસાણા કાર્યાલયનું સરનામું આ અંકના ટાઈટલ પેજ નં.૨ ઉપર છે. ● ઉપરની યાદી સિવાયનાં પુસ્તકો માટે પૂછપરછ કરવી નહીં. તે નહીં મળી શકે.